


ગાંધીનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે મહિલા ખેડૂતોની પણ એક તાલિમ શિબિર સે. ૧૫ ખાતે યોજવામાં આવી હતી તેની તસવીર.

# ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપવા બદલ પ્રશંસા

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આજરોજ ભાજપા કાર્યાલય કમલમ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ હોદ્દેદારો અને મોરચાના પ્રમુખઓની બેઠક મળી હતી. જેમાં સંગઠનાત્મક અને આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં દરેક મોરચાના પ્રમુખઓએ મોરચા દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમો અને આગામી યોજનાર કાર્યક્રમો અંગે માહિતી આપી હતી.

આ ઉપરાંત લોકસભા અધ્યયન અને સંકલન સમિતિ લોકસભાની ચૂંટણી માટે બનાવી છે તે ટીમ દરેક લોકસભામાં મંડલસઃ પ્રવાસ કરી રહી છે અને ૧૫ ઓગષ્ટ સુધીમાં આ ટીમ પોતાનો પ્રવાસ પૂર્ણ કરશે. આજની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને રાષ્ટ્રીય ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપતું બીલ સંસદમાં પસાર કરાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મહિલા સુરક્ષા માટે અભયમ એપ બનાવવા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વૃક્ષા રોપણ, નિદાન કેમ્પ તેમજ રક્ષાબંધન અને ૯ ઓગષ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે અનૂસૂચિત જનજાતિ મોરચા દ્વારા મંડલસઃ પ્રકૃતિ અને સંસ્કૃતિ પૂજનના કાર્યક્રમો યોજાશે.

તારીખ ૧૮-૧૯ ઓગષ્ટના રોજ કેન્દ્રિય ભાજપા કારોબારી બાદ ગુજરાત ભાજપાની કારોબારી તારીખ ૨૪-૨૫ ઓગષ્ટના રોજ સુરત ખાતે યોજાનાર છે તેની પૂર્વ તૈયારી માટે પણ આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દરમિયાન આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ભાજપા ઓબીસી મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડીયાની અધ્યક્ષતામાં ઉત્તર ઝોનની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા ઉપાધ્યાક્ષ આઈ.કે.જાડેજાએ ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.

આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપવા માટેની વર્ષો જુની માંગણી પૂરી કરી લોકસભા તેમજ રાજ્યસભામાં આ બીલ પસાર કરી ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપ્યો તેથી તેમને અભિનંદન આપતો ઠરાવ આ બેઠકમાં પસાર કરેલ હતો તેમજ ઓબીસી સમાજના ઘર-ઘર સુધી આ સંદેશ પહોચાડવા માટે ભાજપાના કાર્યકર્તાઓને આહવાન કર્યુ હતુ. ઓબીસી સમાજને કોંગ્રેસે વર્ષો સુધી અન્યાય કરી ઓબીસી આયોગને બંધારણીય દરજ્જાથી વંચિત રાખ્યા હતા.

જયારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકારે ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો અપાવી ઓબીસી સમાજને ન્યાય અપાવ્યો છે. બેઠકમાં નક્કી થયેલ કાર્યક્રમો મુજબ ભાજપાના ઓબીસી મોરચા દ્વારા ભાજપાની કેન્દ્ર તથા રાજય સરકારની ઓબીસી સમાજના ઉત્કર્ષ માટેની યોજનાઓનો પ્રચાર બુથ સુધીના ઓબીસી સમાજના લોકો સુધી પહોચાડી લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ અપાવવા માટે કાર્યકર્તા મધ્યસ્થી બની કાર્ય કરશે.



માણસા તાલુકા પંચાયત ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કોર્ડીનેટર મહેન્દ્રસિંહ ચાવડા, તા.પં.ના પ્રમુખ, ઉપપ્રમુખ તથા તાલુકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમસ્ત જણસારી સમાજ દ્વારા સિનિયર સિટીઝનોને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર ગુડા વિસ્તાર અને તાલુકા કક્ષાએ સર્વિસ-નિવાસ કરતા સમસ્ત જણસારી, જનક્ષત્રિય, મોચી સમાજના સંસ્થાના સભ્યોના વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા તેમજ ૭૫ વર્ષથી ઉપરના સિનીયર સિટીઝનો અને મહાનુભાવો, શુભેચ્છકો દાતાઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૧૧-૮-૧૮ના રોજ શનિવારના રોજ બપોરે ૨ કલાકે ઉપહારગૃહ (કેન્ટીન), જુના સચિવાલય ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યોને સમાજના વિકાસ અને વિવિધ પ્રવૃતિઓ માટે સાથ, સહકાર અને સહયોગ આપવા સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર એન.ચૌહાણ તેમજ મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણ અને સર્વે હોદેદારોને પધારવા જણાવ્યું છે.

## ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓની ૧૩મીએ બેઠક

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના અગત્યના અને સામુહીક રીતે સરકારના ધ્યાન પર મુકવા લાયક ઉદભવેલા કેટલાક પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવા તથા રજુઆત કરવા માટે ગાંધીનગરની સ્વૈચ્છીક, સામાજીક, અને બિન રાજકીય સંસ્થાના પદાધિકારીઓની એક અગત્યની બેઠક તા. ૧૩ ઓગસ્ટને સોમવારના રોજ સાંજે ૫ વાગે સિનિયર સિટીઝન કાઉન્સીલ કચેરી મનન એપાર્ટમેન્ટ પ્લોટ નં-૭૯૦ એ સેકટર-૨૧ ખાતે રાખવામાં આવેલ છે. સર્વે સભ્યોને હાજર રહેવા મંડળ દ્વારા જણાવાયું છે.

# વરસાદની અછત વચ્ચે સરકાર પશુઓ માટે ઘાસચારો આપશે

### રાજયના ૪૪થી વધુ તાલુકાઓમાં ખેડૂતોને પશુધન માટે ઘાસ અપાશે : ખેડૂત દીઠ દૈનિક ચાર કિલો ઘાસ અપાશે

ગાંધીનગર, તા.૮

રાજ્યમાં ઓછાં વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈને ખેડૂતોને ભારે હાલાંકીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. જેથી ઓછા વરસાદને લઈને હવે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે.

વરસાદની અછત અને પાક નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે આજે રાજય સરકારે ખેડૂતોને ઘાસચારો પૂરો પાડવાની મહત્વની જાહેરાત કરી હતી. જેને લઈ વરસાદી અછત અને દુકાળના એંધાણ જેવી પરિસ્થિતિમાં પશુઓ માટેનો ઘાસચારો ખેડૂતોને ઘણા ટેકારૂપ બની રહેશે. સરકારના આ નિર્ણયને લઈ ખેડૂતોમાં કંઈક અંશે રાહત બંધાઈ છે. રાજ્ય સરકારનાં આ નિર્ણય બાદ રાજયના ૪૪થી વધુ તાલુકાઓમાં સરકાર દ્વારા હવે ઘાસ આપવામાં આવશે. પશુ ઘાસચારા માટે ખેડૂતોને કાર્ડ પણ આપવામાં આવશે. જેના આધારે પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો જેટલું ઘાસ આપવામાં આવશે. ઘાસનો આ ખર્ચ રાજયનાં બજેટમાંથી જ કરવામાં આવશે. ખેડૂતોને તેમના પશુધન માટે ઘાસચારો આપવાનો મોટાભાગનો ખર્ચો સરકાર ભોગવશે અને ખેડૂતોને રાહત આપશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચોમાસુ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ૨૧૫ તાલુકામાંથી ૪૪ તાલુકામાં ૧૨૫ મિ.મીથી પણ ઓછો વરસાદ નોંધાયો છે. સિઝનમાં અત્યાર સુધીમાં ૫૪ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જે કારણોસર ઓછાં વરસાદને લઈને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે જેમાં રાજયના ૪૪થી વધુ તાલુકાઓમાં ગુજરાત સરકાર દ્વારા પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો ઘાસ આપવામાં આવશે. જ્યારે ઘાસ ૨ રૂપિયે ૧ કિલો આપવામાં આવશે. નોંધનીય છે કે, આજે રાજયના ઘણા ખરાં વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો.

મેઘરાજાએ શરૂઆતમાં તો દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક જિલ્લાઓમાં ધમાકેદાર બેટિંગ કરી હતી. પરંતુ હવે આ વખતે ગુજરાતમાં વરસાદને લઈ સંકટ ઉભું થાય તેવા એંધાણ દેખાઈ રહ્યાં છે.જેથી ગુજરાત સરકાર દ્વારા ઘાસ આપવાનો નિર્ણય લેવામાં આવતા ખેડૂતોમાં કંઈક રાહતની લાગણી જન્મી છે. હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ, જગતનો તાત રાજયમાં સારા વરસાદની રાહ જોઈને બેઠો છે.

# સરદાર બંધમાં આ વખતે ૨૮ ટકા ઓછું પાણી

અમદાવાદ, તા. ૮

ગુજરાતની લાઈફલાઈન સમાન ગણાતા સરદાર સરોવર બંધમાં ગયા વર્ષે આજ ગાળાની સરખામણીમાં ૨૮ ટકા ઓછું પાણી છે. આ સરોવરમાં પાણીની સપાટી ૧૧૧ મીટર છે. આનો મતલબ એ થયો કે, ૯૪૬૦ મિલિયન ક્યુબિક મીટર ક્ષમતા પૈકી ૪૦ ટકા પાણી છે. ગયા વર્ષે એટલે કે ૨૦૧૭માં આ સમયે આંકડો ૫૫ ટકાનો રહ્યો હતો. ૨૦૧૭માં મોનસુન બાદ રાજ્ય સરકારને સિંચાઈ માટે નર્મદા પાણીના સપ્લાયને બંધ કરવાની ફરજ પડી હતી. ડેડ સ્ટોરેજમાંથી પીવાના પાણી માટે પાણીનો ઉપયોગ કરવા બાયપાસ ટનલનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. સરકારે ગઈકાલે જ મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી જેમાં એવી ખાતરી કરવામાં આવી હતી કે, પીવાના પાણીના પુરવઠાને કોઈપણ અસર ન થાય. કમનસીબ બાબત એ છે કે, મધ્યપ્રદેશમાં નર્મદાના ૧૨૦૦ કિમીના કેચમેન્ટ વિસ્તારમાં પુરતો વરસાદ થયો નથી. મહારાષ્ટ્રમાં ઉકાઈ બંધના કેચમેન્ટ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. રાજસ્થાનના ધરોઈમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. સરદાર બંધ ઉપરાંત ગુજરાતમાં ૨૦૩ બંધમાં પણ સ્થિતિ સારી નથી. મધ્ય ગુજરાતના સ્ટોરેજ ક્ષમતા સારી રહી છે. અહીં ૫૧ ટકા સ્ટોરેજ છે.



# લોકાયુકતની સાઈટ ગુજરાતી ભાષામાં બનાવવા અરજી

### ગુજરાત સરકારને વારંવાર રજૂઆત કરવા છતાંય કોઇ નિર્ણય ન લેવાતાં આખરે જાહેરહિતની રિટ અરજી કરાઇ

અમદાવાદ, તા.૮

ગુજરાત લોકાયુકતની ઓફિશીયલ વેબસાઈટ ગુજરાતી ભાષામાં બનાવવા અને માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત આ કચેરીની તમામ માહિતી જાહેરહિતમાં પ્રસિધ્ધ કરાવવા દાદ માંગતી એક મહત્વની જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી પીઆઈએલમાં હાઈકોર્ટે રાજય સરકાર, લોકાયુકતના રજિસ્ટ્રાર અને માહિતી આયોગના સેક્રેટરી વિરૂધ્ધ કારણદર્શક નોટિસ જાર કરી છે અને કેસની વધુ સુનાવણી તા.૨૬મી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા પાર્ટી ઈન પર્સનની રૂએ હાઈકોર્ટમાં કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, ગુજરાત રાજયમાં ગુજરાત લોકાયુકત એકટ ૧૯૮૬ની જોગવાઈ મુજબ રાજયમાં ગુજરાત લોકાયુકતની રચના કરવામાં આવી છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨(એચ) હેઠળ આ કચેરી પલ્લીક ઓથોરીટી છે. અધિનિયમની કલમ-(૪)(૧)(ખ)માં થયેલ જોગવાઈ મુજબ ૧૨૦ દિવસની અંદર પ્રો-એકટીવ ડિકલોઝર તથા અન્ય જરૂરી માહિતી તૈયાર કરવી અને વેબસાઈટના માધ્યમથી ડિઝીટલ ફોર્મેટમાં મુકી તેની બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની જવાબદારી દરેક જાહેર સત્તા મંડળની રહેલી છે. માહિતી અધિકારના કાયદાને ૧૨ વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે તેમ છતાં ગુજરાત લોકાયુક્તની ઓફિશીયલી વેબસાઈટ બનાવવામાં આવેલ નથી જે ખૂબજ ગંભીર બાબત અને માહિતી અધિકાર અધિનિયમના ભંગ સમાન ગણાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકાયુકત એકટમાં થયેલ જોગવાઈ મુજબ સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા મુખ્યમંત્રી, મંત્રીઓ તથા રાજયમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા તમામ અધિકારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર કે કાયદાના ઉલ્લંઘન બદલ યોગ્ય કાર્યવાહીની કામગીરી રાજયના લોકાયુકત કરી શકે છે. આવી ખૂબજ મહત્વની કચેરીમાં જ માહિતી અધિકારના કાયદાનું ઉલ્લંઘન થતુ હોય તો તે ખૂબજ શરમજનક અને તપાસ યોગ્ય બાબત ગણાય. આ સમગ્ર મામલે અરજદારે તા. ૨૬-૦૨-૨૦૧૮ થી ગુજરાત લોકાયુકતને, પ્રીન્સીપાલ સેક્રેટરી, સામાન્ય વહીવટ વિભાગ, રાજયપાલના અગ્ર સચિવ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ, વિરોધપક્ષના નેતા તથા મુખ્ય માહિતી કમિશ્નરને લેખિત રજૂઆત કરાઈ હતી પરંતુ તેમછતાં આ અંગે કોઈ પગલાં લેવાયા નથી. હતી.




**અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે શહેર-તાલુકાના કાર્યકર્તાઓની બેઠક**

અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય, મોડાસા ખાતે મોડાસા શહેર અને તાલુકાના ભાજપના કાર્યકર્તાઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ઉપસ્થિત રહીને આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે લોકસભા બેઠકના પ્રભારીઓની યોજાનાર સંપર્ક બેઠકો અંગે વિગતવાર જાણકારી આપી જે તે કાર્યકર્તાઓને જવાબદારી આપી હતી. આ બેઠકમાં મહામંત્રી ધિમંતભાઈ, શામળભાઈ, પ્રદેશ સભ્ય કનુભાઈ, ભીખુસિંહ પરમાર, પી.સી. બરંડા, જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, તાલુકા મહામંત્રી અંકિતભાઈ પટેલ, જયેશભાઈ રબારી, શહેર મહામંત્રી યશવંતભાઈ વ્યાસ, જીતુભાઈ પટેલ, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ જલ્પાબેન, દલિત મોરચાના પ્રમુખ દિનેશભાઈ પરમાર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અમૃતસિંહ ઝાલા સહિત તાલુકા-શહેરના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નાફેડનું છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મલાઈ કોણ તારવી ગયું? તેમ કહી મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી અને કૃષિ મંત્રી પર કરેલા તમામ આક્ષેપોના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે આક્રોશપૂર્ણ જવાબ આપ્યો છે. નીતિનભાઈ પટેલે આકરા પ્રહારો સાથે ગંભીર આરોપ લગાવ્યો હતો કે, સમગ્ર કૌભાંડમાં નાફેડના ચેરમેન વાઘજીભાઈ બોડા કે જેઓ કોંગ્રેસના અગ્રણી છે અને બીજી તરફ સરકારની વિરુદ્ધ આક્ષેપ કરનાર વિપક્ષી નેતા પરેશ ધાનાણી બંને વચ્ચે સાંઠગાંઠ છે. નીતિન પટેલે આ સિવાય પણ કોંગ્રેસ પર અનેક આરોપો કર્યા હતા. જેને લઈને રાજકારણ ગરમાયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં મગફળી ખરીદવાનું કામ સરકારે શરૂ કર્યુ હતું. મગફળીનું ખરીદ અને વેચાણ એ નાફેડની દેખરેખમાં એટલે કે જવાબદારીમાં આવે. મગફળીની સારસંભાળ રાખવાની જવાબદારી નાફેડની છે. નીતિન પટેલે નાફેડના ચેરમેન વાઘજી બોડાના આક્ષેપો પર નિવેદન આપતા જણાવ્યું કે, વાઘજીભાઈનું નિવેદન એ આઘાતજનક છે. વાઘજી બોડાએ લગાવેલાં આક્ષેપો ખોટા છે. વાઘજીભાઈએ અત્યાર સુધી કોઈ જ ફરિયાદ કરી નથી. સરકાર અને મંત્રીઓને એવી ખબર પડતી નથી અને તેઓ આડેધડ વાતો કરે છે.

આ મામલે મારે કંઈ પણ કહેવાની જરૂર નથી. પરંતુ કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, આ મામલે જવાબદારી નાફેડની છે. કૃષિ મંત્રીનાં નિવેદન બાદ મારે સ્પષ્ટતા કરવી છે કે, આ કેસમાં નાફેડ જવાબદાર હોય તો સરકારે નાફેડ પર જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. આમાં જે પણ જવાબદાર હોય તેઓની સામે કાર્યવાહી કરવામાં આવે. મહત્વનું છે કે આ મામલે અમે તપાસની માંગ પણ કરી છે. જે જવાબદાર લોકો હોય તેની તપાસ કરવી જોઈએ. નાફેડનું કામ એ માત્ર સર્વિસ ચાર્જ લેવાનું છે પરંતુ નાફેડનું બીજુ અન્ય કોઈ જ કામ નથી. નીતિન પટેલના આ નિવેદન બાદ હવે સરકાર અને નાફેડ એકબીજાની સામે આવ્યા છે, તેથી આગામી દિવસોમાં હવે નાફેડ શું ઘટસ્ફોટ કરે છે તે જોવાનું રસપ્રદ રહેશે.

## અંતિમવિધિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અડધીકાઢીએ રાખવામાં આવ્યો હતો. અગાઉ તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન કરૂણાનિધીને શ્રદ્ધાંજલિ આપવા માટે સમર્થકો ઉમટી પડ્યા હતા. અત્રે નોંધનીય છે કે, તમિળનાડુના પાંચ વખતના મુખ્યમંત્રી રહેલા અને કલાઈનારના નામથી લોકપ્રિય ડીએમકેના પ્રમુખ મુથ્થુવેલ કરૂણાનિધિનું ગઈકાલે સાંજે ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં ૯૪ વર્ષની વયે અવસાન થતાં તેમના લાખો સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું.

## પૂષ્પાંજલિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિનેતા કમલ હસને પણ રાજાજી હોલ ખાતે પહોંચીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મરીના બીચ ઉપર અન્ના મેમોરિયલ નજીક લોકો ઉમટી પડ્યા હતા. દફનવિધિની તૈયારીઓ પહેલાથી શરૂ કરવામાં આવી હતી. લોકો ઉપર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આર્મીની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી હતી. મરીના બીચ ઉપર કરૂણાનિધિની દફનવિધિ થઈ હતી. આરજેડીના તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ એમકે સ્ટાલિનની સાથે દેખાયા હતા.

## લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલું

'પણ કોઈ તમને કહેવા આવવાનું નહોતું' ત્યારે મહાત્માજીએ કહ્યું, 'ભાઈ, એ તો સાચું, પણ મારું મન કેમ ચૂપ રહે?' એના ટોણા તો મારે સાંભળવાના ને? 'મારા અંતરાત્માના અવાજને હું કેમ કરીને દબાવું?' - આવા નખશિખ પ્રામાણિક ગાંધી ગોળીએ વીંધાયા ! આ જગતમાં બહુ ઓછા લોકોમાં આ સદગુણ ધબકતો જોવા મળે છે. બાકી આજકાલતો અંતરાત્મા જ રહ્યો નથી!

આપણી આસપાસ જરા બારીકાઈથી જોઈશું તો સમજાશે કે મોટેભાગે સૌ કોઈ બીજાને બતાવવા જ જીવે છે. બીજાને શું લાગશે. બીજાને ગમશે. માણસ જ પોતીકો રહ્યો નથી. પોતાનો આગવો સ્વતંત્ર કોઈ પિંડ જ નથી. કોઈકના દોરવાયા દોરવાવાનું... બીજાની નકલ જ કરી જીવ્યે જવાનું... પારકા પડછાયા બની ખેંચાવાનું... મને તો એ જ નથી સમજાતું કે સૂરજનું સંતાન એવો માણસ સ્વયં સૂરજ થવા સર્જાયો હોય એ જ આમ અંધારે અથડાય?!

ઘણીવાર મારી આવી આદર્શની વાતો સાંભળી મિત્રો પ્રતિ આક્ષેપ કરતા હોય છે... હમણાં જ મારો એક મિત્ર કહે, 'સીધાં ઝાડ - ને - સીધા માણસને લોકો પહેલો ઘા કરે છે.' વ્યવહારસિદ્ધ આવા અનુભવો વ્યક્તિની વિચારવાની દિશા જ બદલી નાખે છે. આ સત્ય પણ સ્વીકાર્ય છે. પરંતુ બધી જ સાનુકુળતાઓ છોડી સેવાર્થે લોકહિતના કાર્યો કરનારા લોકસેવકોથી આપનો ઈતિહાસ ભર્યો ભર્યો છે એ વાત ન ભૂલશો. આપણે કદાચ આવો ઈતિહાસ ભલે ન રચી શકીએ પરંતુ દિવસભર એવાં કામો કરીએ કે નિરાંતની ઊંઘ લઈ શકીએ. પારદર્શી જીવન જીવવાનો મહાવરો કરવા જેવો છે.

દોસ્તો, અહી આ બધું સાધિકાર હું લખી શકું છું કારણ કે એક સમયે મને પણ મારી જાત સર્વગુણ સંપન્ન જણાતી પરંતુ સ્વાધ્યાયથી જાતને ઓળખાતો થયો. know thyself - જાતને માંજતો થયો છું... અંદરના કષાય કાઢવા મથુ છું... માનવ સહજ નબળાઈઓ તો છે જ પણ આ બોધિજ્ઞાને મને પરમતત્વનો સાક્ષાત્કાર ભલે નથી કરાવ્યો પરંતુ જીવન વિષે એકદમ સભાન બનાવી દીધો છે. ખરેખર, જિંદગી જીવવા જેવી અને જગત માણવા યોગ્ય છે. આ બંનેનું મૂલ્ય મને તો બરાબર સમજાયું છે... અંતે કવિશ્રી ચિનુ મોદી 'ઈર્શાદ' યાદ આવે છે;

'ક્યારેક કાચ સામે ક્યારેક સાચ સામે,
કાયમ થાકી જવાનું તલવાર તાણી તાણી'

★ ★ ★

'આ આંસુ ઉપર કોના નખની થઈ નિશાની,
ઈચ્છાને હાથપગ છે એ વાત આંજે જાણી.'

★ ★ ★

'પર્વતને નામે પથ્થર દરિયાને નામે પાણી,
'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી.'

સ્પર્શમણિ

માણસ જયારે પોતાના વિચારને પોતાનો અરીસો બનાવે છે ત્યારે જીવનવિકાસની એક અનોખી શક્યતા એને માટે ઉભી થઈ જાય છે. આવા માણસને પોતાનું જીવન અને આખું જગત પારદર્શક દેખાવા લાગે છે.

- ઈમર્સન

- rasikvaland1965@gmail.com

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

કે નેપાળમાં આપણું ભારતીય નાણું ચાલશે નહીં. અમને થયું કે બોર્ડર પરથી નેપાળી ચલણ લઈ લેવું પડશે. બોર્ડર પર અમને મમતા હોટલમાં ઉતારો આપવામાં આવ્યો હતો.આ હોટલમાં પણ આવું ચલણ બદલવાનું કાઉંટર હતું. પછી અમારા આયોજકોએ કહ્યું આપણા નાણાં કોઈ તકલીફ વગર ચાલશે. આપણા દસ રૂપિયાના નેપાળી સત્તર નેપાળી મળે છે.પછી તો અમારે જ્યાં જ્યાં ખરીદી કરવી પડી કે પ્રવેશ ફી ચૂકવવી પડી ત્યાં ભારતીય નાણાં જ ચૂકવ્યાં.ઘણી જગ્યાએ અમને બાકી નીકળતાં નાણાં નેપાળી ચલણમાં મળ્યાં.છેલ્લે પોખરાથી નીકળતી વેળાએ ૫, ૧૦, ૫૦ બધી કિંમતની નોટો અમારા ખિસ્સામાં જમા થઈ ગઈ .દરેક મૂલ્યની એકએક નોટ હું સંભારણા તરીકે રાખવા માંગતો હતો. પણ અમુક નોટો બેત્રણની સંખ્યામાં આવી ગઈ હતી. આથે અમુક નોટ મારે લસ્સી પીવામાં અને એક જગ્યાએ(ડેવીસ ફોલ) પ્રવેશ ફી ચૂકવવામાં વાપરવી પડી. મારી જાણ મુજબ મધુમામા આવી ઘણી નોટો લઈ આવ્યા છે.

## માર્કીંગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં ઉદભવતી સ્થાનિકોની ફરિયાદો નિવારવા અન્વયે પણ જોખમી વૃક્ષો દુર કરી સુકા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે.હાલ વનતંત્ર દ્વારા શહેરમાં સુકા વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવી રહયુ છે. આ ઉપરાંત ગાંડા બાવળના વૃક્ષો પણ દુર કરવામાં આવી રહયા છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ગાંડા બાવળના વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાથી આ પ્રકારના વૃક્ષો દુર કરવા માટે અગાઉ મળેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં પણ સુચના આપવામાં આવી હતી. જેને અનુલક્ષી નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત ગાંડા બાવળના ૨૦૦ જેટલા વૃક્ષો દુર કરવામાં આવશે.

## આવક મેળવી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષોની કટોતીના અંતે હરાજીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવે છે. જેના અંતે લાકડા સ્થાનિક ગામોના વેપારીઓ ખરીદી કામ ચલાવે છે. શહેરમાંથી થયેલી લાકડાની ઉપજના અંતે વનતંત્ર દ્વારા થોડા દિવસો અગાઉ જ હરાજીની પ્રક્રીયા હાથ ધરાઈ હતી. જેના અંતે લાકડાની હરાજી બાદ વન વિભાગને રૂ ૭ લાખની આવક થઈ હતી. ગાંધીનગર તેમજ અડાલજ,ચિલોડા, દહેગામ ,બહિયલ, ,માણશા, તેમજ રાંધેજા સહીતના ગામોના વેપારીઓએ આ હરાજીમાંથી લાકડાની ખરીદી કરી હતી.

## પ્રાથમિક તારણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક શાળામાં તો વાલીઓ સાથે બેઠક કરવાની અપાયેલી સૂચના પછી અધિકારી જ્યારે બીજે દિવસે શાળાએ પહોંચ્યા તો ગણતરીના જ વાલીઓ હતા અને તપાસ કરતાં આચાર્યએ જણાવ્યુ હતુ કે બીજા ઘણા કામ હોય છે તમે બેસો બોલાવવાનો પ્રયત્ન કરૂ વાલી આવે તો સારૂ... શિક્ષણ જગતમાં જ ઉપચારાત્મક વર્ગને લઈ ઉદાસીન વલણ જોવા મળી રહ્યું છે. આ વાતો જે બહાર આવી રહી છે તેને લઈ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. કેટલાક અધિકારીઓએ તો આ અંગેના ફોટોગ્રાફસ લઈ ઉપર મોકલ્યાની વિગતો પણ બહાર આવવા પામી છે. બીજી તરફ શિક્ષણના અધિકારીઓએ મિશન વિદ્યાના મુદ્દે ચૂપકીદી સેવી લીધી છે. એક અધિકારીએ તો નામ નહિ લખવાની શરતે કબુલ્યુ હતુ કે 'મિશન ટફ છે' તેવુ રાજ્યના મુખ્ય સચિવશ્રીનું વિધાન ખરેખર સાચુ પુરવાર થઈ રહ્યું છે.

## ઉમેદવાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભર્યુ હતું. તેમનું ફોર્મ ભરતી વખતે એનડીએ એકસાથે જોવા મળ્યું હતું. શિવસેનાના નેતા પણ આ સમયે હાજર રહ્યા હતા. જો રાજ્યસભામાં નંબરની વાત કરીએ તો આ કેસમાં એનડીએને સંખ્યાબળ મળતું દેખાઈ રહ્યું છે. રાજ્યસભામાં ભાજપનો સ્કોર ૧૧૬ સુધી પહોંચ્યો છે. બીજેડીના સાંસદોના સમર્થન બાદ આ આંકડો ૧૨૩ થશે. ભાજપના મેનેજરોનો પ્રયાસ ૧૨૫-૧૨૮ મત પ્રાપ્ત કરવાનું કહ્યું છે. બીજેડીના સમર્થન વગર ભાજપ યુપીએ કરતાં પાછળ જ રહેશે. બીજુ જનતા દળ આ નિર્ણયમાં અગત્યનું ફેકટર હશે.

## મનાઈ હુકમ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકસભાની ચૂંટણી લડવાનો માર્ગ મોકળો બની શકશે. ગુજરાત હાઈકોર્ટમાંથી મળેલી રાહત અંગે હાર્દિક પટેલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમે નીચલી કોર્ટના હુકમને પણ માથે ચડાવ્યો હતો અને એ જ રીતે હાઈકોર્ટના હુકમનો પણ આદર કરીએ છીએ અને તેને માથે ચડાવીએ છીએ. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલનના પ્રારંભમાં વિસનગરમાં ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ સહિતના કેસમાં વિસનગર કોર્ટે હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ.કે પટેલને રાયોટિંગ કેસમાં દોષિત જાહેર કરી ૨-૨ વર્ષની સજા ફટકારી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હતા.